# હિંમતનગરમાં ગૃહમંત્રી અને રાજ્ય સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર



હિંમતનગરના હડીયોલ ગામના ગ્રામજનો શુક્રવારના રોજ શહેરના ટાવર ચોકથી ગૌચર જમીન મેળવવા બાબતે રેલી શહેરના મુખ્ય માર્ગો પર થઈને જિલ્લા કલેક્ટર કચેરી પહોંચી હતી. દરમિયાનમાં ગ્રામજનો દ્વારા સ્થાનિક ધારાસભ્ય અને ગૃહ રાજ્યમંત્રી પ્રફુલ પટેલની હાય બોલાવીને ના બોલવાના શબ્દો સાથે સૂત્રોચ્ચાર ઉપસ્થિત ડી.વાય.એસ.પી. પી.આર. ગેલોટ, એસ.ઓ.જી. પી.આઈ. એસ.એમ. પટેલ, પી.એસ.આઈ. જીવણભાઈ પ્રજાપતિ સહીત સ્ટાફ હાજરીમાં રાજ્ય સરકારની હાય હાય બોલાવી હતી. પણ પોલીસેરેલીને જોઈ ગડમથલમાં પડી ગઈ હતી અને એકબીજા સાથે ચર્ચાઓ કરવામાં પડી હતી. (તસવીર : મગનજી વણઝારા)



બનાસડેરીના ચૂંટણીના પડધમ વાગી રહ્યા છે ત્યારે પરિવર્તન પેનલના ઉમેદવાર તરીકે જિલ્લાના પીઢ સહકારી અગ્રણી અણદાભાઈ પટેલે આજે પોતાની ઉમેદવારી પત્ર શિહોરી મામલતદાર સમક્ષ પોતાનું ઉમેદવારી નોંધાવી હતી. આ સમયે જિલ્લાના જુદા જુદા ક્ષેત્રોના આગેવાનો તેમની સાથે રહી અને પોતાના વીજયના જયનાદ સાથે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ખેડબ્રહ્મા સ્વામી વિવેકાનંદના જીવન ઉપર વ્યાખ્યાન યોજાયું

ખેડબ્રહ્મા, તા. ૨૪

ગુજરાત રાજ્યના ગ્રંથાલય ખાતુ ગાંધીનગર તથા સરકારી તાલુકા પુસ્તાકાલય દ્વારા સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ અને યુવા વર્ષ ૨૦૧૨ની ઉજવણીના ભાગ રૂપે સ્વામી વિવેકાનંદના જીવન અને કવન વિષય ઉપર શુક્રવારના રોજ એમ.જે. હોલમાં વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રાજ્યના ગ્રંથાલય નિયામક ડૉ. પ્રદિપ આઝાદ ઉપસ્થિત રહ્યા હતા. તથા સ્વામી વિવેકાનંદ કેન્દ્ર અમદાવાદના પ્રમુખ નલિનભાઈ પંડ્યાએ સ્વામી વિવેકાનંદ જીવન અને કવન વિષય ઉપર મનનીય પ્રવચન આપ્યું હતું. આ કાર્યક્રમને મદદનીશ ગ્રંથાલય નિયામક અમદાવાદના નરસિંહભાઈ ચૌહાણ તથા સરકારી પુસ્તકાલયના મદદનીશ ગ્રંથપાલ સુભાષ પટેલે સફળ બનાવ્યો હતો.

## પાંથાવાડા પોલીસ મથકના આરોપીનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત

થરાદ, તા. ૨૪

દાંતિવાડા તાલુકાના ધનિયાણા ગામના એક યુવકને પાંથાવાડા પોલીસે અટકમાં લીધા બાદ તે કસ્ટડીમાં અચાનક બિમાર થઈ જતા વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયો હતો. પરંતુ ત્યાં સારવાર દરમ્યાન તેનું મોત નિપજતાં પરિવારજનોએ ભારે હોબાળો મચાવી મુક્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ દાંતિવાડા તાલુકાના ધનિયાણા ગામના અરવિંદભાઈ ધર્માભાઈ ચૌહાણને ગત તા. ૨૩-૮-૨૦૧૨ના રોજ ચેપ્ટરકેસ નં. ૧૫/૧૨ સીઆરપીસી કલમ ૧૦૭ અને ૧૫૧ના ગુનામાં પોલીસે અટકાયતમાં લીધા બાદ કસ્ટડીમાં રાખ્યો હતો.

પરંતુ ત્યાં તેની તબિયત બગડતા પોલીસે સારવાર અર્થે પાંથાવાડા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડ્યો હતો. જ્યાં તેની તબિયત વધુ બગડતા ફરજ પરના તબિબે વધુ સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં રિફર કરવાનું જણાવતા તેને પોલીસવાનમાં પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પરંતુ તેની તબિયત અતિ નાજુક હોવાથી વધુ સારવાર માટે અમદાવાદ રિફર કરવાનું કહેતા ત્યાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

પરંતુ સારવાર દરમ્યાન રાત્રે સાડા દસ વાગ્યાના અરસામાં તેનું મોત નિપજ્યું હતું. આ ઘટનાની જાણ થતાં જ તેના પરિવારજનો અમદાવાદ ખાતે દોડી ગયા હતા અને પોલીસ પર વિવિધ આક્ષેપ કરતા ઉત્તેજના છવાઈ ગઈ હતી. જો કે આ બાબતે પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરાવેલ છે જ્યારે પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે અમારા દિકરાને પોલીસ ઘરેથી ઉપાડી ગઈ હતી ત્યારે સાજો નરવો હતો ત્યારે અચાનક કઈ રીતે આ સ્થિતિ સર્જાઈ તેમાં પોલીસની કામગીરી શંકાસ્પદ હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

પરિવારજનોના હોબાળા અને આક્ષેપોને લી ઉત્તેજનાનો માહોલ સર્જાતા જિલ્લાના પોલીસ અધિકારીઓ પણ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી જઈ મૃતદેહનું પી.એમ. કરાવવાની તજવીજ હાથ ધરી હતી.

## હિંમતનગરમાં ગાંધીનગરના ડ્રગ વિભાગની મેડીકલ દુકાનો પર તવાઈ

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પાટનગર હિંમતનગરમાં મેડીકલ સ્ટોર્સ અને દવાની દુકાનોમાં ગર્ભપાતની ગોળીઓને દવા બિન્દાસ વેચાતી હોવાની બાતમીના આધારે ગાંધીનગરના સીનીયર ઈન્સ્પેક્ટરો ડ્રગ ઈન્સ્પેક્ટરોની ટીમોએ ગુપ્ત તપાસનો દોર તા. ૨૨મીની સાંજનાસમયે કરતાં આરોગ્યનગરના આશિષ મેડીકલ સ્ટોર્સ તેમજ અન્ય કેટલાક મેડીકલ સ્ટોર્સમાં ફાર્માસીસ્ટો સહિતની બાબતે ગફલતતાના આધારે આવા કેટલાય મેડીકલ સ્ટોર્સ ચલાવતા ઈસમો સામે આ તપાસનીશ ટીમોએ ધોરણસરની કાર્યવાહી કરતાં દવાની દુકાનદારોમાં કેટલીક બાબતોએ ભય ફેલાયો છે.

ગર્ભપાત ગુન્હો બનતા હોવા છતાં ડૉક્ટરોની સલાહ કે માર્ગદર્શન વગર મિસોફીસ્ટોન નામની ગર્ભપાતની ગોળીઓ મેડીકલ સ્ટોર્સવાળા સિધાજ વેચતા હોવાની બાતમીના આધારે ગાંધીનગરની ટીમોએ આની ગંભીરતાથી નોંધ લઈ તા. ૨૨મીના સાંજના સમયે રૂટીન તપાસનો દોર ચલાવ્યો હતો. ઉપરાંત ફાર્માસીસ્ટ ફરજિયાત મેડીકલોમાં રાકતા હોવા છતાંય કેટલાય મેડીકલ સ્ટોરોમાં ફાર્માસીટો ગેર હાજર જણાતાં આ તમામ મેડીકલો સામે તપાસ ટીમોએ લાલ આંખ કરી ખુલાસા માગી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી છે. તો આરોગ્ય વિભાગના એક મેડીકલ સ્ટોર્સમાં મિસેફીસ્ટોન (ગર્ભપાત) ગોળી દાક્તરની સલાહ કે લખાણ વગર આપ્યાનું પકડાતા આ મેડીકલના માલિક સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

હિંમતનગરમાં મોટા ભાગના મેડીકલ સ્ટોર્સમાં સરકારના આરોગ્ય વિભાગના સૂચના કે માર્ગદર્શનનો સરેઆમ ભંગ કરી પ્રતિબંધિત દવા કે ગોળીઓનું વેચાણ થતુ હોવાનું પણ લોકો જણાવે છે. ત્યારે આરોગ્ય વિભાગે આ બાબતે કડક બની પુનઃ તમામ મેડીકલસ્ટોર્સ કે દુકાનોની તપાસ કરવાની જરૂર છે. ને દવાઓમાં ચાલતુ મોટુ રેકેટ બહાર આવે તેમ છે.

## ગુજરાત એસ.ટી. નિગમના કર્મચારીઓના પડતર પ્રશ્નો ન ઉકેલાતા આંદોલનની ચિમકી

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત એસ.ટી. નિગમના કર્મચારીઓને સ્પર્શતા પડતર બાદ મુદ્દાઓના સમાધાન પૈકી છ મુદ્દાઓ હજી પડતર હોઈ તેનું નિરાકરણ ન થતાં નિગમના માન્ય યુનિયનો દ્વારા સામૂહિક આંદોલન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કસે ફેડરેશન (મજુર મહાજન) મહેસાણા વિભાગના જનરલ સેક્રેટરી ડાહ્યાભાઈ ચૌધરી તેમજ યુનિયનના અગ્રણીઓ પી.કે. પટેલ, ગીરીશભાઈ પટેલ અને મુકેશભાઈ પટેલે જણાવ્યું છે કે, એસ.ટી. નિગમના વરિષ્ઠ સત્તાધિશો અને માન્ય સંગઠનોના પ્રતિનિધિઓની હાજરીમાં ગત તા. ૨૭મી ફેબ્રુઆરીના રોજ મળેલ બેઠકમાં કર્મચારીઓને સ્પર્શતા જુદાજુદા બાર મુદ્દાઓ બાબતે સમાધાન થયુંહતું.

આ સમાધાન થયેલ બાર મુદ્દાઓ ૨૯-૬-૨૦૦૦ પછીના કર્મચારીઓના આશ્રિતોને નોકરીમાં લેવાના હૂકમો આપવા, કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના એરીયર્સના ચુકવણા જેવા વિરે મુદ્દાઓ પરત્વે પાંચ માસ અગાઉ સમાધાન થયું હતું. જેનો નિગમ દ્વારા અમલ કરાયેલ નથી. સમાધાન થયેલ મુદ્દા પૈકી છ મુદ્દાઓનું નિરાકરણ કરવામાં આવ્યું નથી. જેથી આ અંગે માન્ય યુનિયનો દ્વારા સામૂહિક આંદોલન કરવાનો નિર્ણય કરાયો છે. આગામી તા. ૩૧મી ઓગષ્ટ સુધીમાં ઉપરોક્ત મુદ્દાઓનો અમલ નહી કરાય તો તા. ૩-૯-૨૦૧૨ના રોજ નિગમના કર્મચારીઓ, ફીક્સ પગારવાળા કામદારો, અધિકારીઓ, આશ્રિતના અરજદારો, પાર્ટટાઈમ કર્મચારીઓ સંયુક્ત રીતે અમદાવાદ ખાતે આંદોલન કરશે. આ બાબતે નિગમના અધ્યક્ષ અને વહીવટી સંચાલકને આવેદનપત્ર પાઠવેલ છે.

## હડીયોલ ગામે ૪૦૦ કરોડના ખર્ચે મેડીકલ કોલેજ અને ટ્રોમા સેન્ટર બનશે

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથકે યોજાયેલા સદ્ભાવના કાર્યક્રમમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જીલ્લાને મેડીકલ કોલેજ આપવાની જાહેરાત કરેલ હતી. જે સંદર્ભે કેટલાય સમયથી સ્થાનિક ધારાસભ્ય અને વહીવટી તંત્ર જમીન માટે મથામણ કરી રહ્યા હતા. હિંમતનગર તાલુકાના હડીયોલ ગામની સીમમાં આવેલ પોલીટેકનીક કોલેજ પાસેની ૨૭ એકરથી વધુની જમીન પર ૪૦૦ કરોડના ખર્ચે મેડીકલ કોલેજ અને ટ્રોમા સેન્ટરના નિર્માણ અંગેની કામગીરી માટે આગામી સમયમાં હાથ ધરાશે. ગાંધીનગર હેલ્થ વિભાગના પ્રોજેક્ટ ઈમ્પલીમેન્ટેશન યુનિટના કાર્યપાલક ઈજનેર એમ.ડી. ગોહિલ તેમની ટીમ સાથે ગત મંગળવારના રોજ જે સ્થળે મેડીકલ કોલેજ બનનાર છે તે સ્થળ પર જઈ જમીનનું નિરિક્ષણ પોલીસ સાથે જઈ કરેલ પણ જમીન બાબતે ગ્રામજનો વિરોધ કરતા તે ટીમ પરત ફરી હતી. શામળાજી ખાતે મંદિર પરિસર તથા અન્ય સુવિધાઓના વિકાસ માટે ૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે જેના ભાગરૂપે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ૩૧મી ઓગષ્ટના રોજ ખાત મુહૂર્ત કરનાર છે તે સમયે કદાચ હિંમતનગરની મેડીકલ કોલેજનું પણ ખાત મુહૂર્ત થાય તેવું સરકારી કચેરીઓના અધિકારીઓ રાજકારણીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

### ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
સેક્ટર-૧૫ "ગ" રોડ, ગાંધીનગર ● ફોન : ૨૩૨૨૩૯૪૧ થી ૪૭

**જાહેર નિવિદામાં સુધારો**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગરના નીચે દર્શાવેલ કામોમાં હવે પ્રીબીડ રાખવામાં આવેલ છે, જેની તારીખ તથા સમય નીચે મુજબ છે.

| અ. નં. | કામનું નામ તથા સમય | પ્રિબીડ તારીખ તથા સમય |
|---|---|---|
| ૧. | ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫ ગાંધીનગરના હયાત કચેરી સંકુલને આર્કીટેક્ચરલ ઈન્ટેરીયર ડીઝાઈનીંગ તથા લેન્ડસ્કેપીંગ કરવાના કામ. ટેન્ડર આઈ.ડી. ૯૨૫૦૭ | તા. ૩૧/૮/૨૦૧૨ સમય : ૧૨-૦૦ કલાક |
| ૨. | રીનોવેશન ટુ ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા - ઓફીસ કચેરીમાં વીટ્રીફાઈડ ટાઈલ્સ નાંખવાના કામ. ટેન્ડર આઈ.ડી. ૯૨૫૦૫ | તા. ૩૧/૮/૨૦૧૨ સમય : ૧૩-૦૦ કલાક |

માહિતી/૧૧૫૯/૧૨-૧૩

## માણસાના મંડાલી ગામે વણથંભી વિકાસયાત્રા પહોંચી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં આજે વણથંભી વિકાસ યાત્રા-૨૦૧૨ અંતર્ગત અનેક વિકાસ કામોનું લોકાર્પણ-ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત માણસા તાલુકાના ઈન્દ્રપુરા, વેડા, વિહાર, બિલોદરા, ધમેડા અને સમૌ તાલુકા પંચાયત સીટના ગામોમાં ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસારના હસ્તે રૂપિયા ૧ કરોડ ૭૫ લાખથી વધુના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. જેમાં રૂપિયા ૫૬ લાખ ૨૪ હજારના ૬ લોકાર્પણના કામો અને રૂપિયા ૧ કરોડ ૧૮ લાખથી વધુના વિકાસ કામોનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. ચેરમેન શ્રી ભાવસારના હસ્તે પંચાયતી રાજ સ્થાપના સ્વર્ણિમ વર્ષની ઉજવણી નિમિત્તે ત્રિસ્તરીય પંચાયતી રાજ સંસ્થાઓના ચુંટાયેલા પૂર્વ -તિનિધિઓનું શાલ અને -માણપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

વિહાર તાલુકા પંચાયત સીટના મંડાલી ગામ ખાતે યોજાયેલ વણથંભી વિકાસ યાત્રાના કાર્યક્રમમાં ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસારે જણાવ્યું હતું



કે, આ રાજય સરકારે સિમેન્ટ અને લોંખડના બાંધકામો કર્યા છે, તેને વિકાસ નથી કહેતી પરંતુ વ્યકિતઓના જીવનના વિકાસની ચિંતા કરી છે. પહેલા ગ્રામ પંચાયતના સભ્યો દ્વારા અનેક કામોના ઠરાવો -સાર કરવામાં આવતાં હતાં. તે ઉપરની કચેરીને મોકલી આપવામાં આવતાં હતાં. પરંતુ તે કામો માત્ર કાગળ પર જ રહેતા હતા. રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયની શાસન ધુરા સંભાળી તે પછી કોઈ પણ ઠરાવ વગર ગામોની -થમિક સુવિધાઓને પુરી કરવામાં આવી છે. આજે ગામના સરપંચશ્રીને રૂપિયા ૫ લાખ સુધીના કામો કરવાની સત્તા આપવામાં આવી છે.આજે ગામડાઓની શાળાઓના ઓરડા, શૌચાલય જેવી કોઈ સુવિધાઓની માંગ ગ્રામ પંચાયતને કરવાની જરૂર પડતી નથી.

તેઓશ્રીએ શાળા -વેશોત્સવ, કન્યા કેળવણી મહોત્સવ, ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ, ચિરંજીવી યોજના, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ, જયોતિગ્રામ યોજના, આંગણવાડીમાં આપવામાં આવતી સુવિધાઓની વિસ્તૃત વાત કરી હતી.

આ -સંગે જિલ્લા ભાજપના -મુખ શ્રી શકુંતલાબેન પટેલ, માણસા ભાજપના અગ્રણી શ્રી ડી.ડી.પટેલ, મંડાલી ગામના સરપંચ શ્રી વિષ્ણુભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસથિત રહયાં હતાં.

## હિંમતનગરમાંથી ત્યજી દીધેલું બાળક મળ્યું

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરના હાથમતી નદી કિનારે શુક્રવારના રોજ બપોર પહેલા કોઈ પણ સમયે કોઈ અજાણી સ્ત્રીએ મરણ હાલતમાં તાજુ જન્મેલ બાળક મરણ હાલતમાં ત્યજી દઈ નાસી ગયેલ જે અંગે ભોલેશ્વરના ભરતભાઈ બાલુભાઈ જાધવે હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરી હતી. જેથી પોલીસે સ્થળ પર જી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## હિંમતનગરમાંથી યુવક ગુમ

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરના સહકારી જીન પાસે આવેલ રાજમીલન પ્લાઝામાં રહેતા સોમાભાઈ છગનભાઈ વાણંદનો ૩૨ વર્ષીય પુત્ર રાકેશભાઈ સોમાભાઈ વાણંદ ૨૨મી ઓગષ્ટને બુધવારના રોજ બપોરે ૧૨ વાગેના સુમારે ઘરે બાઈકની ચાવી આપી ગયેલ જે પરત ઘરે ન આવતા હિંમતનગર ટાઉન પોલીસમથકે સોમાભાઈ વાણંદે જાણવા જોગ નોંધાઈ હતી. જેથી પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો
એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એલવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮